તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/ 22 ભરૂચ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ



જાન્યુઆરી-ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૩ વર્ષ : ૫૭ સળંગ અંક : ૪૯૬
માસિક કિંમત-રૂા. ૧૦/- લવાજમ : રૂા. ૧૦૦
તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

Pancholi navyug Email : pancholinavyug@gmail.com
Email : infospssmm@gmail.com Web site : www. pancholisamaj.org



સ્વ. વિઠ્ઠલદાસ સોમાભાઈ પંચોલી
રાજપીપલા
જન્મ : ૧૭.૪.૧૯૧૮ સ્વર્ગવાસ : ૪.૧.૧૯૯૮
ચૈત્ર સુદ ૭, ગુરૂવાર પોષ સુદ સાતમ, રવિવાર

# નવયુગ શુભેચ્છક
## ૨૫ પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

આપનો માયાળુ નિઃસ્વાર્થ મીલનસાર સ્વભાવ, કૌટુંબિક ભાવના,
પ્રેમ, દીર્ઘ દ્રષ્ટિ અને ધાર્મિકવૃતિ આપના સમગ્ર જીવનમાં
કામ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા, તનતોડ મહેનત કરવાના
આપના આદર્શ ગુણો વિસરી શકાય એમ નથી,
આપ લીલી સંસારવાડી મુકી દત્તશરણ થયા......
પરમાત્મા આપના દર્શાવેલ પરમપથ પર પદાર્પણ કરવા
અમો સહુને શકિત અર્પે

## અર્પણકર્તા

સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલી

| | |
|---|---|
| પનસભાઈ વિ. પંચોલી | સ્વ. રમીલાબેન પી. પંચોલી |
| ઠાકોરભાઈ વિ. પંચોલી | જયોતિષબેન ટી. પંચોલી |
| ચેતનભાઈ વિ. પંચોલી | જયોતિબેન સી. પંચોલી |
| ભુપેન્દ્રભાઈ વિ. પંચોલી | જયશ્રીબેન બી. પંચોલી |
| પ્રવિણભાઈ વિ. પંચોલી | મમતાબેન પી. પંચોલી |
| પુષ્પકાંત વિ. પંચોલી | ભાવનાબેન પી. પંચોલી |
| સ્વ. પરસોત્તમદાસ જે. પંચોલી | સ્વ. સુશીલાબેન પી. પંચોલી |
| રાજેશભાઈ ગોરધનભાઈ પંચોલી | હંસાબેન રાજેશભાઈ પંચોલી |
| પ્રવિણચંદ્ર છોટુભાઈ દેસાઈ | ભદ્રાબેન પ્રવિણચંદ્ર દેસાઈ |

તથા સમસ્ત પરિવાર

2010-2030

## આપ બન્નેને અમારી સૌની વંદના



સ્વ. મણીલાલ ભૂલાભાઈ પંચોલી
જ.તા. ૧.૧.૧૦૨૮
સ્વર્ગવાસ : ૯.૬.૨૦૧૨(૮૪ વર્ષ)

સ્વ.અ.સૌ. ભગવતીબેન મણીલાલ પંચોલી
જ.તા. ૧.૧.૧૦૩૪
સ્વર્ગવાસ ૨૯.૧૧.૧૧ (૭૭ વર્ષ)

૨૦૨, ૨જે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીંગ,
બ્રહ્માકુમારી સૅન્ટર સામે, પ્લૉટ ૬-ડી,
દત્તાત્રેય રૉડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૪ AS.
ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨ મૌબાઈલ : ૦૯૩૨૨૨ ૬૩૫૨૮

## નવયુગ શુભેચ્છક

સ્નેહભીની કરુણામયી માતા ચરણે શરણ દીજે,
બીલખ રહે હમ શિશુ સુત તેરે દયા દ્રષ્ટિ કીજે,
જય માતાદી.... જય માતાદી.....
જય માતા કી જય હો....

નવલું વર્ષ તંદુરસ્તમય, તાજગીમય અને
આનંદમય બની રહો એજ પ્રાર્થના
સર્વે જ્ઞાતિજનોને
અમારા

**વર્ષ ૨૦૨૩ના સાલમુબારક**

કિરણ મણીલાલ પંચૌલી
અ.સૌ. પ્રીતિ કિરણ પંચૌલી
કૌશલરાજ કિરણ પંચૌલી
ચિ. ધ્યાના-ચિ. ક્રિશિવ કૌશલરાજ પંચૌલી
અ.સૌ. રીમા કમલેશ ગજ્જર
અક્ષર જયેશભાઇ ગાંધી
અ.સૌ. હેતલ અક્ષર ગાંધી
ચિ. હિયાંશ અક્ષર ગાંધી

2010-2030



અક્ષરવાસી
**ગં.સ્વ. શાંતાબેન ભીખાભાઈ પંચોલી**
જન્મ તા. ૬.૮.૧૯૨૮ અ.વા.તા. ૨૧.૧.૨૦૦૯

## નવયુગ શુભેચ્છક

# ૧૪મી પૂણ્યતીથીએ ભાવભરી શ્રદ્ધાંજલી

ખરેખર 'મા' આજે પણ તમારા વ્હાલના
દરિયા સમી આઠેય દિકરીઓ તમારી
સતત હૂફ ઝંખે છે. ફોન કરતાં જ 'દિકરા'
અને 'બેટા' જેવા શબ્દો સાંભળવા
અમારા કાન તલસી રહ્યા છે.
પ્રેમાળ અને સદા હસતો ચહેરો
આજે પણ આંખની સમક્ષ તરતો રહે છે,
સાથે એ હૃદયમાં હજી પણ એવો ને એવો અકબંધ છે.
તમારા પ્રેમાળ અને સ્નેહભર્યા સ્પર્શને ઝંખતી
તમારી વ્હાલના દરિયા સમી દિકરીઓ

પદમા, ધર્મિષ્ઠ(જયોતિ), માયા, પ્રવિણા,
હેમા, ગીતા, સોનલ, અલોકી
તથા પરિવારજનો....

2010-2030

## નવયુગ શુભેચ્છક



**સ્વ. કૃષ્ણકાંત ઉત્તમરામ મારફતીઆ**
જન્મ : ૨૦.૯.૧૯૫૪ સ્વર્ગવાસ : ૧૩.૧.૨૦૧૦

# ૧૩મી પૂણ્યતિથિએ.....હૃદયાંજલિ

'આપના સમૃદ્ધ આદર્શો, અથાગ પરિશ્રમ, સાદગીભર્યુ જીવન, પરોપકારી સેવાભાવી સ્વભાવ, શિક્ષણ આપવાના-વધારવાના સતત પ્રયાસો તથા સચ્ચાઈ અમારા પ્રેરણા સ્ત્રોત બની રહ્યા છે ને રહેશે.' આપના દેહવિલયને આજે ત્રણ વર્ષ પૂરા થયા છે, ત્યારે પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ બક્ષે એજ પરિવારની પ્રાર્થના.....

## અર્પણકર્તા

ગં.સ્વ. જયશ્રીબેન કૃષ્ણકાંત મારફતીઆ

શ્રી નિરજકુમાર કે. મારફતીઆ
શ્રીમતિ સ્વાતિ એન. મારફતીઆ
શ્રીમતિ મેઘના - શ્રી હર્ષકુમાર


ગં.સ્વ. નિર્મળાબેન યુ. મારફતીઆ
સ્વ. અનિલકુમાર યુ. મારફતીઆ
ગં.સ્વ. વાસંતીબેન એ મારફતીઆ

ચિ. પ્રાર્થવી નિરજકુમાર મારફતીઆ
ચિ. આર્યન નિરજકુમાર મારફતીઆ

૪૧/૭, 'શ્રી કૃષણ વિહાર'
સોમનાથ મહાદેવ રોડ, સરગમ શોપિંગ સેન્ટરની પાછળ,
અઠવા લાઈન્સ, સુરત - ૩૯૫ ૦૦૭
(ઘર) + ૯૧-૨૬૧-૨૨૫૭૨૬૪
મો. : ૯૩૨૭૯ ૩૧૫૨૫

2010-2030

# સમાજપિતા
# સ્વ. છગનલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રીને
# ૪૩મી પૂણ્યતીથીએ ભાવાંજલિ



સ્વ. છગનલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રી

જન્મ : ૨૩-૧-૧૯૨૧ અવસાન : ૧૦-૨-૧૯૭૭

॥ स्वेन क्रतुना संवेदत : ॥

મનુષ્ય પોતાના કર્મ દ્વારા બોલે...

કેવળ વાતો ન કરે....

પરંતુ કર્મ કરીને બતાવે...

## અર્પણકર્તા

શ્રી કમલેશભાઈ આર. પંચોલી
ઉપપ્રમુખ
શ્રી મુકેશભાઈ પી. પંચોલી
ઉપપ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

શ્રી જયેશભાઈ સી. પંચોલી
મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

શ્રી ધવલકુમાર જે. પંચોલી
અધ્યક્ષ-સી.ટી.સ્મારક નિધિ
શ્રી નિલેશકુમાર જે. પંચોલી
મંત્રી-સી.ટી.સ્મારક નિધિ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ ના હોદ્દેદારો
અને સંલગ્ન સંસ્થાઓના અધ્યક્ષશ્રીઓ અને મંત્રીશ્રીઓ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

જાન્યુઆરી-ફેબ્રુઆરી
માર્ચ-૨૦૨૩

તમસો માં જ્યોતિર્મય

-: પ્રકાશન સ્થળ :-

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેંક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| માસિક | રૂા. ૧૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. ૧૦૦/- |

# તંત્રીનોંધ



વ્હાલા જ્ઞાતિજનો....

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખશ્રી હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધીનું અકાળે અવસાન.... અકળાવી ગયું... પંચોલી સમાજના નભમંડળ માંથી એક તેજસ્વી તારલો ખરી પડયો...પંચોલી સમાજે એક આશાસ્પદ વ્યકિતત્વ ગુમાવ્યું...

વ્યારામાં રોટરી કલબનું નેતૃત્વ સંભાળી આજુબાજુના ગામો તથા વ્યારામાં વિવિધ પ્રોજેકટો દ્વારા ઘણી સેવાઓ કરી... ત્યારે પોતાના સમાજની સેવા કરવાની ખેવના જાગી....અને લોહીમાં દાદાશ્રી...પિતાશ્રીની સમાજ સેવાઓનો વારસો તો ગળથૂથીમાં જ મળેલો.. અને શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનું સામેથી નેતૃત્વ સ્વીકારી પ્રમુખ બન્યા... પંચોલી નવયુગ ઇંગ્લીસમાં પ્રકાશીત કરવાની ઇચ્છા હતી જેથી પરદેશ વસતા યુવાનો સમાજ પ્રત્યે આકર્ષાય...દરેક એકમમાં જઇ આત્મીયતા વધારવાની તેમજ તેઓના પ્રશ્નો હલ કરવાની એમની ઇચ્છા હતી. શ્રી પંચોલી સેવા સમાજને એક ઉંચા લક્ષ્ય પર પહોંચાડવાની, સમાજને જોડવાની ઇચ્છા અધુરી રહી.... સરળ અને મૃદુ વ્યકિત્વ...વ્યકિત... કયારેય ના ભુલાય....

પાંદડુ ના કરમાયુ, કે ના સુકુ થયું.....
અને અચાનક જ ખરી પડયું....
ઇશ્વરના ખજાનામાં એવી તે શું ખોટ પડી
કે અમારો હીરો લૂટી ગયા....

અંતમાં ઇશ્વરેચ્છા બલિયસી.. મહારાજ સ્વામી એમના આત્માને અક્ષરધામનું સુખ આપે તથા મુ. પ્રશાંતભાઇ, પારૂલબેન, હર્ષિત અને મેધાને આ આવી પડેલ અણધાર્યુ દુઃખ સહન કરવાની પ્રભુ શકિત આપે એજ પ્રાર્થના..

દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી
મલયકુમાર ડી. મિસ્ત્રી-સહતંત્રી
શ્રી પંચોલી નવયુગ

## સ્મરણાંજલી-સ્વ. હિતેશ પ્રશાંતભાઈ ગાંધી

# હવે સ્મરણો ભીનાં......



સ્મરણ એ ઈશ્વરે આપેલું મોઘું વરદાન....એટલે સ્મરણતો આવે આવે જ..કયારેક પ્રસન્ન તો કયારેક ચિત્ત, મનને ક્ષુબ્ધ કરી દે..છતાં ઈશ્વર ઈચ્છા બલિયસી સ્વીકરવું જ રહ્યું. આંખમાં અશ્રુના તોરણ બાંધનાર, તો વળી હૈયાફાટ રૂદન... છતાં વાસ્તવિકતા સ્વીકારવી જ રહી..

આશરે ૩૫ વર્ષ પહેલાની મસ્ત સવાર, ફોન ટહૂક્યો.. ભઈલા, હું પદમા વ્યારાથી બોલું છું.. વાહ ! તમે સવાર સુધારી. એવો જ હૂફાળો પ્રતિભાવ... સાંભળ કાલે સવારે મારો હિતેશ તારે ત્યાં આવે છે. ગાંધીનગર જવાનું હોય, તારે ત્યાં વધુ અનુકુળ રહે... અમે કહ્યું : એ બહાને અમે સાથે રહીશું...

બીજા દિવસની સવારે, હાસ્ય મઢેલ રહેરો અને આંખોમાં સોનેરી સ્વપ્ન ધરાવતો યુવાન હાજર... કાકા હું હિતેશ.. પછી દોઢેક મહિનો અમારા કુટુંબનો બની રહ્યો..

વ્યારાથી ફોન : મેં ચેનલ શરૂ કરી છે, અમે કહ્યું અભિનંદન.. મને દુરદર્શનનાં કાર્યક્રમોની વિડીયો કેસેટ બને એટલી વધુ મોકલો.. મહામંડળની કારોબારીમાં પ્રશાંતભાઈ સાથે વાતે વળગ્યા..હિતેશને ચેનલ અને બીજી બધી પ્રવૃતિ કરવી છે. કહ્યુ : બરાબર તને ગમે એ કર.. અત્યારે એનો વ્યાપ વધ્યો..એનો આનંદ હોય..

'પંચોલી જ્ઞાતિના ઈતિહાસ'માં પ્રશાંતભાઈ અને હું સાથે.. એક દિવસ ફોન આવ્યો, અઠવાડિયું કાઢે તો, મેટરને સ્કુટી કરી છાપવા આપી દેવાય. એ વ્યારાનું અઠવાડિયાનું રોકાણમાં હિતેશ વધુ નજીક રહ્યો.. પંચોલી નવયુગના પ્રથમ અંકથી, પ્રશાંતભાઈ સાથે કામ કરવાની તક મળી, આજે ૫૭ વર્ષે પણ એ સંબંધ તાજો રહ્યો. દર મહિને તંત્રીશ્રીને 'ભાવ-પ્રતિભાવ'નો સીલસીલો આજ સુધી અકબંધ રહ્યો..

અવારનવાર સામાજીક પ્રસંગ હોય કે લગ્ન જયારે મળીએ ત્યારે, એજ પ્રફુલ્લિત હાસ્ય અને વાતોનો ખજાનો... એજ આનંદ.

છેલ્લે, શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનું પ્રમુખપદ સ્વીકાર્યુ... ફોન આવ્યો.. અમે કહ્યું અભિનંદન.. ત્યારે કહે : એકલાં અભિનંદન નહીં ચાલે, તમે અને કુમારકાકા મહામંડળ સાથે વર્ષોથી રહ્યાં હું પણ સમજુ છું કે, ઉંમરને લીધે મિટિંગોમાં ન આવી શકો, પણ તમારી હૂંફ-સલાહની અમારે જરૂર છે... બરાબરને...

અમે એવો જ હૂફાળો પ્રતિભાવ આપતાં કહ્યું.. જો ભાઈ હું નવયુગના પ્રથમ અંકથી જ સાથે છું અને રહીશ... મારો પત્ર લેખનનો શોખ અડવાડિયે બે-ત્રણ પત્રો લખાય સામેથી એવો જ હુંફાળો પ્રતિસાદ..બીજું શું જોઈએ..

કુદરત પણ કયારેક અટકચાળું કરી લે... ૨૬ ડિસેમ્બરની ગોઝારી સાંજ... સમાચાર મળ્યા.. હિતેશભાઈ આપણી વચ્ચે નથી રહ્યા... મન માનવા તૈયાર નહોતુ.. છતાં ઈશ્વર ઈચ્છા બલિયસી.. સ્વીકારવું જ રહ્યું...

હિતેશના અણધાર્યા જવાથી મહામંડળને ન પૂરાય તેવી ખોટ.. રહેશે.. ટૂંકા ગાળામાં નોંધપાત્ર કાર્ય કર્યુ...


હવે, એવું વ્યકિતત્વ...વ્યકિત કયાં જઈ શોધીશું ? ? ?
અંતમાં કહેવાનું મન થાય કે :

'તારીખ, વાર એના હું નહીં આપી શકું,
મહેંકતુ એક ફુલ, એટલું જ બસ છે....'

જય પંચોલી-માજી પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ



# મહામંડળના પ્રમુખ સ્વ. હિતેશ પ્રશાંતભાઇ ગાંધીને હૃદયાંજલી......



તારીખ 26.12.2022 નાં રોજ સવારે 9.30વાગ્યે સ્વ. સીટી.મિસ્ત્રી સ્મારક નિધિના સહમંત્રી શ્રી પ્રદીપભાઇ મહેતાનો ફોન આવ્યો ,સમાચાર મળ્યા? મે પૂછ્યું શું થયું ? તો જવાબ આવ્યો મહામંડળ નાં પ્રમુખ શ્રી હિતેશભાઇ ગાંધી હવે આપની વચ્ચે નથી. ખરેખર માનવા માટે સંઘર્ષ કરવો પડે એમ હતું કારણે થોડા દિવસો પહેલા સુરત મુકામે મારી ઓફીસે વ્યારાનાં મિત્રો સાથે અમે મિટીંગ કરી હતી.માનવામાં ન આવે એવા સમાચાર હોય , વધુ કન્ફરમ કરવા મહામંડળના ભૂતપૂર્વ પ્રમુખશ્રી મનીષભાઇ પંચોલી ને ફોન કર્યો,ત્યાંથી પણ સમાચારની પૂર્તિ થતા દુઃખદ ઘટના માનવી જ પડી.મહામંડળ નાં ઇતિહાસમાં આ પ્રથમ ઘટના હતીકે એક્ટિંગ પ્રમુખનું અવસાન થયું હોય. પછી તો અંકલેશ્વર,રાજપીપળા,સુરત ગણદેવી એકમોથી ફોન રણકતો રહ્યો કોઈને સમાચાર પર વિશ્વાસ ન હતો આવતો.

મહામંડળ માં ખૂબ જ ઓછા સમય માટે તેઓએ પોતાની સેવા આપી થયેલી ભૂલ ને સ્વીકારવી અને સુધારવા પ્રયત્ન કરવા એ તેઓના સ્વભાવ ક્યારે ભૂલી શકાશે નહીં તેઓએ મહામંડળ માટે ઘણા કામો આદર્યા હતા જે અપૂર્ણ રહ્યા જેવા કે ચેરિટી કમિશનરના રેકોર્ડના કામ, એકાઉન્ટિંગ બાબતે સુધારા, એકમો ને નજીક લાવવા માટે તેઓએ એક મીટીંગ કરવાનું આયોજન કર્યું હતું. પરંતુ તે પણ અધૂરું જ રહ્યું.

૨૯.૧૨.૨૦૨૨ ના રોજ આપણા હિતેશભાઇ સૌને છોડી અનંતમાં ભળી ગયા, પ્રભુ તેઓના આત્માને પરમ શાંતિ આપે અને કુટુંબીજનોને આવી પડેલ દુઃખ સહન કરવાની શક્તિ આપે એવી પ્રભુ પ્રાર્થના.

હેમંત સી. મિસ્ત્રી
આઇ. પી. પી. શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

"સ્વરયુથ" ની શરૂઆત - હજુ પણ એ સમય યાદ આવે કે જ્યારે પણ જરૂર હોય અને હિતેશકાકા હાજર હોય. હંમેશા બધાની જોડે રહેવાની ભાવના. યુવાનો હોય કે વડીલ બધા માટે એક most motivated person. તમારા ગીત, એ વ્યારા અધિવેશન ના surprise dance, નિખાલસ વ્યક્તિત્વ, તમારી ખોટ હંમેશા રહેશે હિતેશકાકા. ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી

પાયલ મિસ્ત્રી ગજ્જર સુરત






## Pancholi Samaj UK

We are sorry to hear sad news about late Hiteshbhai Prashantbhai Gandhi. our deepest sympathy and condolence during this time of sorrow. We were all shocked to hear of the tragic and untimely death of late Hiteshbhai. His loss will be particularly felt by the whole community, for whom he worked so hard.

The memory of his brilliant leadership will, however, remain a source of inspiration and encouragement to all his friends, family and fellow community members.Our thoughts are with the family and we pray God may now give the same strength and courage that earned late Hiteshbhai the esteem of the Samaj. SincerelyPancholi Samaj Uk

**Neela Prafulbhai Pancholi**
**(president-Pancholi Samaj UK**



શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખ શ્રી હિતેશભાઇ ગાંધીનું યુવાન વયે અવસાન થયુ છે.. એક વજ્રઘાત લાગ્યો. તેઓ સમાજ સેવાની પ્રબળ ઇચ્છા ધરાવતા, ધગસથી કાર્ય કરતા, મિલનસાર તથા હસમુખા સ્વભાવના હતાં.

પરમાત્માએ આપણી પાસેથી અધવચ્ચે તેમને બોલાવી લીધા છે... ઘણું જ ખોટું થયું છે. છતાં ઇશ્વરેચ્છા બલીયસી... પ્રભુ એમના આત્માને શાંતિ આપે તેમજ કુટુંબીજનો પર આવી પડેલ અણધાર્યુ દુઃખ સહન કરવાની શકિત આપે એજ પ્રાર્થના

ડો. સૂર્યકાંત એમ. પંચોલી-માજી પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ

## શ્રી પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ સુરત

એક અનવોન્ટેડ ન્યુઝ આવ્યા કે મહામંડળના પ્રમુખશ્રી હિતેશભાઇ ગાંધીનું દુઃખદ અવસાન થયુ. હિતેશભાઇના જવાથી મહામંડળને એક મોટી ખોટ પડી છે. સ્વ. હિતેશભાઇના અવસાનથી સમગ્ર સુરત એકમ દુઃખની લાગણી અનુભવે છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે તેમજ કુટુંબીજનો પર આવી પડેલ અણધાર્યુ દુઃખ સહન કરવાની શકિત આપે એજ પ્રાર્થનાપ્રભુ એમના આત્માને શાંતિ આપે તેમજ કુટુંબીજનો પર આવી પડેલ અણધાર્યુ દુઃખ સહન કરવાની શકિત આપે, સુરત એકમ આ દુઃખના પ્રસંગે તેઓની સાથે છે..

શ્રી મુકેશભાઇ કે. પંચોલી-પ્રમુખ
શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી-આઇ.પી.પી.
શ્રી નિશિકાંત બી. મિસ્ત્રી-ઉપપ્રમુખ

તથા કારોબારી સભ્યો
શ્રી પંચોલી જ્ઞાતિ
સમસ્ત પંચ સુરત

શ્રી ધવલભાઇ જે. પંચોલી-મંત્રી
શ્રી નિલેશભાઇ જે. પંચોલી-સહમંત્રી
શ્રી ઉમેશભાઇ બી. પંચોલી-ખજાનચી



સ્વ. હિતેશ પ્રશાંતભાઇ ગાંધી રૂપી ધૂમકેતુ મધ્યાન્હે આકાશમાં પ્રકાશિત થઇ ખરી પડયો. એમના લોહીમાં ગાંધી પરિવારની સમાજ સેવાની સરવાણી વહેતી હતી. તેઓ હંમેશા સામે ચાલીને સેવાની તક ઝડપી લેતા હતાં. સમાજ સુરક્ષા યોજના, પંચોલી નવયુગ, મહિલા મંડળ અને યુવા પ્રવૃત્તિ અંગે કંઇક કરી છુટવાની ભાવના છલોછલ ભરી હતી.

રોટરી કલબ વ્યારાના પ્રમુખ બન્યા ત્યારે પણ ઘણી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેતા અને ઘણાં એવોર્ડો પણ પ્રાપ્ત કર્યા હતા. તેઓ દરેક પ્રવૃત્તિઓમાં પ્લાનીંગ સાથે લક્ષ્ય પ્રાપ્ત કરવાના ધ્યેય સાથે આગળ વધી રહ્યા હતા ત્યારે અચાનક અણધારી એમની વિદાય આપણાં સમાજ માટે દુઃખદ છે. તેમના જવાથી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ અને વ્યારા સમાજને મોટી ખોટ પડી છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ આપે એવી પ્રભુપ્રાર્થના

ડો. મહેશભાઇ એમ. મિસ્ત્રી-માજી પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ
અંકલેશ્વર

## શ્રી પંચોલી પંચ-ગણદેવી

શ્રી હિતેશભાઇ ગાંધીનું યુવાન વયે અવસાન થયુ છે.. તેઓ સમાજ સેવાની પ્રબળ ઇચ્છા ધરાવતા, ધગસથી કાર્ય કરતા, મિલનસાર તથા હસમુખા સ્વભાવના હતાં. પરંતુ મૃત્યુ એ જીવનનું પૂર્ણવિરામ નથી પણ આત્માની ઉર્ધ્વગતિ માટેનું અલ્પવિરામ છે... પ્રભુને ગમ્યુ એ ખરું....અમો સૌ આપની આત્માની શાંતિ માટે ઇશ્વરને પ્રાર્થના કરીએ છીએ..

**ગણદેવી એકમ ના પ્રમુખશ્રી મંત્રીશ્રી તેમજ**
**શક્તિ મહિલામંડળ ગણદેવી**
**તથા એકમના તમામ સભ્યો**

## શ્રી પંચોલી સમાજ - રાજપીપલા

શ્રી હિતેશભાઇ ગાંધીનું અવસાન સૌને અકળાવી ગયું. એક આશાસ્પદ વ્યકિતત્વ આપણે ગુમાવ્યું છે. થોડા સમયમાં કરેલ વધૂ કાર્યો ચિરઃસ્મરણિય રહેશે..

ધાર્યુ કુદરતનું જ થાય છે. આપણે કંઇજ કરી શકતા નથી પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

**શ્રી પંચોલી સમાજ રાજપીપલા-પંચોલી વાડી ટ્રસ્ટ,**
**ભગીની સમાજ - રાજપીપલ,**
**પ્રગતિ પરિવાર-રાજપીપલા તથા એકમના સર્વે જ્ઞાતિજનો.**

## શ્રી પંચોલી પ્રગતિ પરિવાર - રાજપીપલા

પંચોલી સેવા સમાજ નાં એક ઉત્સાહી ખંતીલા આગવી સૂઝ ધરાવનાર... સમાજ પ્રમુખ નાની ઉંમર માં સ્વર્ગવાસ એક નાં પુરાય તેવી ખોટ

પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ અર્પે મૃત્યુ સત્ય છે અને શરીર નશ્વર છે પ્રભુ દિવગત ને મોક્ષ પ્રદાન કરે અમારી એક નાની મુલાકાત યાદ રહેશે ખરેખર...ન પૂરાય તેવી ખોટ...

**દિનેશ પંચોલી-કન્વીનર**
**શ્રી પંચોલી પ્રગતિ પરિવાર**

## પંચોલી ગ્રાહક સહકારી મંડળી-વ્યારા

આપની આ અણધારી વિદાય એ મારામાટેએ વ્યક્તિગત ખોટ છે જે કદાચ ક્યારેય નહીં પૂરી કરી શકાય. સંભારણા સૌના દિલમાં રાખી ગયા. તે ખરેખર જિંદા દિલ વ્યક્તિ અને બીજા નાં જીવન માં સુવાસ ફેલાવે તેવા વ્યક્તિ હતા.

**હર્ષદભાઈ મિસ્ત્રી**
**પંચોલી ગ્રાહક સહકારી મંડળી**

## શ્રી પંચોલી પંચ અજરાઈ

હિતેશભાઇ વિદાયથી અમો સૌ દુઃખની લાગણી અનુભવીએ છીએ.. જીવન અને મૃત્યુ એ જીવનની ઘટમાળ છે... એને આપણે સ્વીકારવું જ રહ્યું.... પ્રભુ એમના આત્માને શાંતિ આપે તથા સ્વજનોને આઘાત સહન કરવાની શકિત આપે એજ પ્રાર્થના

**શ્રી પંચોલી પંચ-અજરાઈના પ્રમુખ-મંત્રી તથા પંચના સર્વે જ્ઞાતિજનો.**

## શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર

અંકલેશ્વર ખાતેની સામાન્ય સભામાં મહામંડળનું સુકાન હાથમાં લેનાર હિતેશભાઇના સ્વપ્ના હતા કે મહામંડળને પ્રગતિના સોપાન સર કરાવું.. દરેક એકમની મુલાકાત કરી દરેક સાથે આત્મીયતા કેળવું.. એમના સુખ-દુઃખના કાર્યોમાં સહાયરૂપ બનું.. આવા વિવિધ કાર્યો કરવાની ઇચ્છા અધુરી રહી અને અનંતમાં વિલીન થઇ ગયા.
પ્રભુ એમના આત્માને શાંતિ આપે તથા સ્વજનોને આઘાત સહન કરવાની શકિત આપે એજ પ્રાર્થના

**શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર-શ્રી પંચોલી મહિલા મંડળ અને સ્વયં-અંકલેશ્વર તથા એકમના સર્વે જ્ઞાતિજનો.**

## શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ

આપણાં સ્વજન સ્વ. શ્રી હિતેશભાઈ પ્રશાંતભાઈ ગાંધી નાં દેવલોક પામ્યા એ સમાચાર જાણી ઘણો આઘાત લાગ્યો. પરમ કૃપાળુ પરમાત્મા સદગદ્ ની આત્મા ને પરમ શાંતિ અર્પે એવી પ્રભુ પ્રાથના. તેમજ તમારા પરિવાર જનો ને આ દુઃખદ વ્રજ ઘાત સહન કરવા ની શકિત આપે એવી પ્રભુ પ્રાથના- અસ્તુ

**શ્રી પંચોલી સેવા સમાજ - મુંબઈ શ્રી પંચોલી ભગીની સમાજ - મુંબઈ**
**યુવા મંચ આવિષ્કાર ગ્રૂપ મુંબઈઅને તમામ કારોબારી સભ્યો તથા સમગ્ર મુંબઈ એકમ**

## પંચોલી સેવા સમાજ – ટ્રસ્ટ

શ્રી હિતેશભાઈ પ્રશાંતભાઈ ગાંધીના તા.૨૬.૧૨.૨૨ના રોજ નિધનના સમાચાર સૌને માટે દુઃખદ છે. સરળ અને સૌમ્ય પ્રકૃતિ તથા સર્વપ્રિય અજાતશત્રુ શ્રી હિતેશભાઈ સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ રહ્યા છે. સમાજ સેવાના આદર્શને જીવનમંત્ર તરીકે સ્વીકારનાર શ્રી હિતેશભાઈ, શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખ સ્થાને સર્વાનુમતે વરાયાને હજુ ઝાઝો સમય થયો નથી, પરંતુ તેમની રાહબરીમાં એક નવી ખુશ્બુ અને તાજગી સૌએ અનુભવી છે. પરમાત્માની લીલાને કોણ કળી શકે છે?
આ વિપદ ઘડીએ સાંત્વના પાઠવતા શબ્દો વામણા લાગે છે. સ્વર્ગસ્થ શ્રી હિતેશભાઈના દિવ્ય આત્માની સદગતિ માટે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.

**અશ્વીનભાઇ એસ. પંચોલી - પ્રમુખ શ્રીહરીશ એમ. પંચોલી - મંત્રી**
**પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ, વડોદરા ટ્રસ્ટી મંડળ અને કારોબારી સભ્યો**

## શ્રી પંચોલી સમાજ-વ્યારા

વ્યારા ગાંધી પરિવારમાં જન્મેલ હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધી સમાજસેવાની પરંપરા, વિઠ્ઠલદાસ મકનદાસ ગાંધી, પ્રશાંતભાઇ વિઠ્ઠલદાસ ગાંધી અને ત્યારબાદ હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધી - સમાજ સેવા કરવાની પંચોલી સમાજને રૂઢીગત ભેટ.... ભગવાનને ગમ્યુ તે ખરું.. સમાજ સેવા કરતાં તમારું જીવન સમાજ માટે અર્પીત થયું.

સુયોગ્ય માર્ગદર્શન, ધંધામાં વ્યસ્તતા હોવા છતાં સમાજ માટે સમય ફાળવી યોગ્ય માર્ગદર્શક બન્યા. મૃદુ સ્વભાવ, સર્વે સાથે હેતથી વાતચીત, કાયમ માટે સમાજને તમારા જવાથી ખોટ ઉભી થઇ છે. થોડો સમય જીંદગી જીવ્યા, પરંતું દરેક ક્ષણનો ઉપયોગ કરી સેવાની સુવાસ ફેલાવી વડિલોના પથ પર આગળ ચાલ્યા...સદૈવ તમારી યાદો જીવંત રહેશે, તમારું માર્ગદર્શન અદ્રશ્યરૂપે મળતુ રહેશે....પ્રભુ આપના આત્માને શાંતિ આપે તથા સ્વજનોને આઘાત સહન કરવાની શકિત આપે એજ પ્રાર્થના.

**રાજેશ પંચોલી-પ્રમુખ** **ભદ્રેશ મિસ્ત્રી-મંત્રી**

**જયેશ પંચોલી-ઉપપ્રમુખ** **કુલીન પંચોલી-સહમંત્રી**

**પંચોલી સમાજ વ્યારા**

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રમુખ
## સ્વ. હિતેશભાઈને સ્મરણાંજલિ

'જીવન જીવન પૂકારતો માનવી મૃત્યુની ગોદમાં કયારે વિલીન થઇ જાય છે એ સમજાતુ નથી' આવું જ હિતેશભાઇનું પણ બન્યું છે. જયાં અનુવાંશિક સમાજ સેવાનો અભિગમ ત્રણ પેઢીથી અવિરત વહેતો આવ્યો છે. જેમાં અગ્રગણ્ય એવા સ્વ. વિઠ્ઠલદાસ મકનદાસ ગાંધી દાદા હતાં, પ.પૂ. પિતાશ્રી પ્રશાંતભાઇ ગાંધી અને વર્તમાન પેઢીના સ્વ. હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધી જેઓની પ્રતિભા સમગ્ર પંચોલી સમાજમાં અગ્રગણ્ય સેવાભાવી યુવક તરીકે અજોડ કાર્યશકિતનાં વહેતા ઝરણાં જેવું પવિત્ર અને અવિરત આરાધના સમાજ ઉત્તેજક અને પ્રેરણા સમી ગણી શકાય છે.

સહધર્મચારિણી પારૂલબેનના અંતરના અશ્રુનો પ્રવાહ ભીતરનાં ખોતરોમાં વહી રહ્યો છે. વેદના ન કહી શકાય કે ન સહી શકાય. પિતા પ્રશાંતભાઇના હૃદયનો શૂન્યવકાસ વેદનાના સૂરોથી અણનમ વહી રહ્યો છે. પહેલા પત્ની પદમાબેનના અવસાનનું દુઃખ અને બીજુ પુત્ર હિતેશભાઇની અણધારી આકસ્મિક વિદાય એમને માટે અસહ્ય બની રહી છે. અંદર અંદર વહેતું વેદનાનું રહસ્ય ઉકેલવું મુશ્કેલ છે. આશ્વાસન તો અનેક લોકો આપે પણ પછીનો ખાલીપો જાતે જ વેઠવાનો રહ્યો છે. ભીતરની વેદનાને ભીતરમાં જ વહેવા દઇ મનમાં ને મનમાં સહેવું પડે છે. તેઓનો સમગ્ર પરિવાર, આજે સુખ દુઃખના લેખા જોખા અનુભવી રહ્યા છે.. પ્રભુ એમના આત્માને શાંતિ આપે તથા પરિવારજનોને આ અસહ્ય વેદના સહન કરવાની શકિત આપે એજ પ્રાર્થના...

ગં.સ્વ. હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી
તથા સહપરિવાર - મુંબઇ

## ૨૨મી મેરેજ એનીવર્સરીએ
## હાર્દિક શુભેચ્છાઓ



**ચિ. હેમિલ - અ.સૌ. રચના**

તા. ૧૫.૨.૨૨ના રોજ ૨૧મી મેરેજ એનીવર્સરી
નિમિત્તે હાર્દિક શુભેચ્છાઓ....

**શુભેચ્છક**

સ્વ. મણીબા
સ્વ. બાબુભાઇ એચ. પંચોલી
જ્યોત્સનાબેન બી. પંચોલી
**બી-૩૦૩, સેફરોન એવન્યુ, હનુમાનજી મંદિર સામે,**
**સાંઇપૂજા રેસ્ટોરન્ટ પાસે, હાંસોટરોડ, અંકલેશ્વર**
મો. : ૯૩૭૪૦ ૬૪૦૭૭, ૯૩૭૫૬૩૩૧૧૧

**સ્વ. અંબુદાદા - સ્વ. ગુલાબ બા**

મહેશભાઇ એ. મિસ્ત્રી  હંસાબેન એમ. મિસ્ત્રી
ચિ. તુષાર એમ. મિસ્ત્રી
ચિ. જૈવિક
301, 3rd Floor, Plot No. 85,
Guru Nanak Kutiya Buldg.
Sindhi Society, Chembur, Mumbai-400071
Mo. +919321105674



Name : **Aditya Mistry - 9870093660**
Birth Date : 28-11-1993  Birth Time : 9.45 am
Birth place : Surat  Height : 5' - 7"
Qualification : Diploma mechanical from Bharati Vidyapeeth Pune. Cinematography from ICE Institute Balaji Tele film Mumbai
Occupation : Professional Cinematographer based in Mumbai and Pune
FamilyMother : Ashita Mistry (service Punjab National Bank) 9825952778
Address : A 1003, Sumeru Golden Leaf, opp bhagyaratna apartment, Pal, Surat
Mosad : Surat - Nana: Rajendra Mistry

### શ્રધ્ધાંજલી
### શ્રી પંચોલી સેવા સમાજ-પાવી જેતપુર

શ્રી હિતેશભાઇ ગાંધીનું યુવાન વયે અવસાન થયુ માન્યમાં ન આવ્યું. સમાજની પ્રગતિ માટેના પ્રયત્નો સરાહનીય. સમાજ સેવાની પ્રબળ ઇચ્છા ધરાવતુ વ્યકિતત્વ. આપણી વચ્ચે નથી રહ્યું.., એમની ખોટ સાલશે પરંતુ પ્રભુને ગમ્યુ એ ખરું....મૃત્યુ એ જીવનની અનિવાર્ય ઘટના છે જેનો આપણે સ્વીકાર કરવો પડે તેમ છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે અને સ્વજનો પર આવી પડેલ આઘાત સહન કરવાની શકિત અર્પે એજ પ્રાર્થના

**શ્રી પંચોલી સમાજ પાવી જેતપુરના પ્રમુખ-મંત્રી**
**તથા એકમના સર્વે જ્ઞાતિજનો.**



PancholiShaadi.com

| | | |
|---|---|---|
| Name | : | **Ashmit Harishkumar Pancholi** |
| Date of Birth | : | 6th August 1996 |
| Place of Birth | : | Vadodara Height : 5'3 |
| Weight | : | 65 kg |
| Education | : | Bachelor of Engineering In Information & Technology [SVIT(VASAD) GTU] |
| Occupation | : | Software Test Engineer At Fitterfly ( Mumbai ) |
| Father Name | : | Harishbhai Parsottamdas Pancholi |
| Mother Name | : | Varshaben Harishbhai Pancholi |
| Sister Name | : | Priyanka ( Married ) |
| Address | : | C/59 Shreenathdeep Society, Waghodia Road, NR Poonam Complex, Vadodara, Gujarat. |
| Contact | : | +91 9712680115 , +91 7984871689 |



# અભિનંદન...




ચોથી ISSO રાષ્ટ્રીય કરાટે ટુર્નામેન્ટ (# DAIS) માં iBDP નાં (Dhirubhai Ambani International school - BKC) નાં વિદ્યાર્થી (ભાર્ગવી અને જીગર-Mumbai નાં સુપુત્ર) કવિશે ગોલ્ડ અને સિલ્વર બંને મેડલ્સ (kata) (@issoindia.official) જીતી લઇને આપણી જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે. અભિનંદન!.......અભિનંદન! .....




વ્યારા નિવાસી શ્રીમતિ ડોનિકા અને શ્રી મિહિર હર્ષદભાઇ મિસ્ત્રીની સુપુત્રી ચિ. રૂહી સાપુતારા ખાતે 1st Invitational Dang District Poomsae TAEKWONDO CHAMPION SHIP માં પ્રથમ પોઝીશન મેળવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે..

વ્યારા ખાતે યોજાયેલ 1st Open Gujrat Poomsae Taekwondo Championship માં ત્રીજુ સ્થાન મેળવી બોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે..

ઉપરોકત સિદ્ધિ મેળવી ચિ. રૂહીએ વ્યારા સમાજ તથા સમગ્ર પંચોલી સમાજનું નામ રોશન કરી ગૌરવ પ્રદાન કર્યુ છે... અભિનંદન...

# સંસ્થા સમાચાર

## પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ-વડોદરા

## સામાન્ય સભા અહેવાલ





પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ વડોદરા ની સામાન્ય સભા તા.૦૮.૦૧.૨૩, રવિવારના રોજ સવારે ૧૧.૦૦ કલાક દરમિયાન ઓરીઝોન રેસ્ટોરન્ટ ખાતે રાખવામાં આવેલ હતી.

શ્રી દેવાંગભાઇ દ્વારા ગણેશ વંદનાથી સામાન્ય સભાની શરૂઆત કરવામાં આવી. ગત વર્ષ દરમિયાન સમાજના અવસાન પામેલ વ્યક્તિઓ માટે શ્રધ્ધાંજલિ અર્પણ કરી બે મિનિટ મૌન પાડવામાં આવ્યું.

સરળ અને સૌમ્ય પ્રકૃતિ તથા અજાત શત્રુ શ્રી હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધી સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ રહ્યા છે અને જેમણે સમાજસેવાના આદર્શને જીવન મંત્ર તરીકે સ્વીકારીને શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખ તરીકે ખૂબ જ ટૂંકાગાળા દરમ્યાન તેમની રાહબરીમાં એક નવી ખુશ્બુ અને તાજગી ઊભી કરી હતી. પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ વડોદરા તરફથી તેમને આદરપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

તે ઉપરાંત વર્ષ દરમ્યાન અવસાન પામેલ સમાજના અન્ય દિવંગતોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

આવકાર પ્રવચન કરતા પ્રમુખ, શ્રી અશ્વિનભાઇ પંચોલી એ જણાવ્યું કે ૨૦૨૩નું વર્ષ શુભ હશે તેવી આશા રાખવામાં આવે છે કારણ કે તા.૨૮/૦૯/૨૨ ના રોજ મુખ્યમંત્રીશ્રીને આપેલ પત્રના અનુસંધાનમાં તેઓ તરફથી હકારાત્મક જવાબ મળવાથી જે પ્લોટ નો પ્રશ્ન હતો તે હલ થયેલ છે અને આગળની કાર્યવાહી માટે કામકાજ શરૂ કરવામાં આવેલ છે. આગળ આર્કિટેકટનો પ્લાન મંજૂરી માટે મોકલવામાં આવેલ છે અને ભવિષ્યમાં ગ્રાઉન્ડ પાર્કિંગ અને પહેલો માળ એ રીતે બાંધકામ શરૂ કરવામાં આવશે. આ નિમિત્તે તેઓએ સૌ સભ્યોને ઉદાર દિલે સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

મંત્રીશ્રી હરીશ એમ પંચોલી દ્વારા ગત સામાન્ય સભાના અહેવાલનું વાંચન કરવામાં આવ્યું અને પંચોલી સેવા સમાજ ટ્રસ્ટના વર્ષ ૨૦૨૧-૨૨ ના હિસાબો રજૂ કર્યા.

શ્રી દેવાંગભાઇ પંચોલી, પ્રમુખ શ્રી પંચોલી સમાજ, વડોદરાએ નગર રચના અધિકારી શ્રી સાથેની ટ્રસ્ટી અને કારોબારી સભ્યોની સતત મુલાકાત બાબતે માહિતી આપી અને જણાવ્યું કે એક આવી પડેલી મુશ્કેલીને પાર કરવા માટે સમિતિએ ઘણી મહેનત કરી છે. આ સમયે સૌ સભ્યો સામાન્ય સભામાં હાજરી આપે

તે સમાજ માટે એક સારૂ ચિન્હ હશે તેમ જણાવ્યું.

શ્રી સંજીવભાઇ પંચોલી ઉપપ્રમુખે જણાવ્યું હતું કે ભવન ની શરૂઆત થવામાં હવે નજીકનો તબક્કો છે. આ સમયે તેઓએ ટૂંકાણમાં સમાજ ભવનની જમીનની વાત કરી હતી. ૨૦૦૧-૦૨ માં પડતર કિંમત ૧૨૫ રૂપિયા / સ્ક્વેર ફૂટ મુજબ સમાજને જમીન આપવામાં આવી હતી, પરંતુ સમયસર પેમેન્ટ ન થવાથી દસ્તાવેજ ૨૦૧૪ માં કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં ૧૦,૦૦૦ ચો.ફૂટ જમીનનો સોદો નક્કી કરવામાં આવેલ હતો, પરંતુ સમયસર પેમેન્ટ ન થતા જેટલી રકમ જમા હતી તેની ગણતરી કરીને કપાત થતા ૬૧૮.૦૪ ચો.મીટર જમીન સમાજને ફાળવવામાં આવી. સમય જતા રેવન્યુ સર્વે નંબર મુજબ ટીપી સ્કીમ નાખવામાં આવી જેથી કુલ જગ્યા માંથી ૪૦ % કપાત જતા ઓછી જમીન મળી. આ સમય દરમિયાન જમીન NA થયેલ હતી પરંતુ, બાંધકામ થયેલ ન હોવાથી પ્લોટની વચ્ચેથી રસ્તો આપવામાં આવ્યો, જે બાબતની વાંધા અરજી આપવામાં આવી. નગર રચના અધિકારીશ્રીને ૭/૧૨ના ઉતારા, હકક પત્રક અને જમીનના દસ્તાવેજ રજૂ કરવામાં આવ્યા જેના જવાબમાં તેઓ તરફથી અન્ય જમીન માટે પણ જણાવ્યું અને અન્ય જગ્યાએ પ્લોટ ફાળવણી માટે પણ વાત કરી. છેવટે સમાજનું કામ હોવાથી નગરના અધિકારી શ્રી મંજૂરી માટે તૈયાર હતા પણ નવા અધિકારી આવતા ફરીથી મૂળ નકશો લાવ્યા. તા.૨૮/૦૯/૨૨ના રોજ મુખ્યમંત્રીશ્રી સાથે પંચોલી સમાજના અભિવાદન સમારોહ દરમ્યાન સમાજના પ્લોટ બાબતે રજૂઆત કરી અને તેઓશ્રીએ હકારાત્મક અભિગમ અપનાવી જે તે ખાતાને જરૂરી સૂચનાઓ આપી અને અંતે નગર રચના અધિકારી તરફથી કોઇપણ જાતની કપાત વગર ની જમીન મંજૂર કરવામાં આવી.

હવે આગળની કાર્યવાહી માટે આર્કિટેક્ટ શ્રી હિતેશભાઇ ચોકસી સાથે આગળ મંજૂરી માટે મોકલવામાં આવેલ છે. હવે આગળની કાર્યવાહી માટે ૬૧૮.૦૪ ચો.મીટર નો Incremental Contribution Charge રૂ. ૬,૬૯,૦૪૪/- અને FSI મુજબ રૂ. ૩,૧૯,૨૦૫/-, કુલ ખર્ચ રૂ. ૯,૮૮,૨૪૯/- વરાડે આપવાનો થાય છે તેમ જણાવ્યું. બાંધકામ શરૂ કરવા માટે શરૂઆતમાં રૂપિયા ૫૦ લાખ થી એક કરોડની જરૂરિયાત રહેશે આ માટે તેઓએ વિદેશના સભ્યો પર વિશ્વાસ મૂકેલ છે અને તેઓને સહભાગી થવા માટે અપીલ કરેલ છે. શરૂઆતમાં ૨૫ સભ્યો એક લાખનું દાન પણ કરે તો ૨૫ લાખ રૂપિયા ભેગા થઇ શકે તેમ છે અને આમ ટીપે ટીપે સરોવર ભરાય જેથી ભવનના બાંધકામમાં કોઇ અડચણ થાય નહીં.

આ સમયે તેઓશ્રી એ કામ શરૂ કરતાં રૂ. ૫,૦૦,૦૦૦/- ના અનુદાનની જાહેરાત કરી હતી.

આ સમયે પ્રમુખ, શ્રી અશ્વિનભાઇ શાંતિલાલ પંચોલી તરફથી એપ્રિલ-૨૩ માં રૂ ૭૫,૦૦૦/- અને ત્યારબાદ બાંધકામ મુજબ રૂ. ૭૫,૦૦૦/-ના અનુદાનની જાહેરાત કરી.

ટ્રસ્ટી શ્રી મધુસુદનભાઇ ચંદુલાલ પંચોલી એ રૂ. ૧,૦૦,૦૦૦/- ના અનુદાનની જાહેરાત કરી. પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ તરફથી તેઓશ્રી તરફથી કરવામાં આવેલ અનુદાનની સરાહના કરવામાં આવી.

ભાવ પ્રતિભાવ દરમિયાન ડૉ. સૂર્યકાંતભાઇ પંચોલી એ જણાવ્યું કે ભૂતકાળમાં સમાજની વસ્તી ઘણી ઓછી હતી તેથી બહારથી આવનાર વ્યક્તિઓ માટે સમાજના મકાનની આવશ્યકતા હતી સમય જતા લોકોનું સ્થળાંતર થતાં વડોદરામાં સમાજને વસ્તી વધતા શ્રી બાબુભાઇ રામદાસ ના સમાજભવન બનાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો અને શ્રી સંજીવભાઇ ની સલાહ મુજબ કારોબારીના સૌ સભ્યોએ રૂ. ૨૫૦૦૦/- અને શ્રી સંજીવભાઈના રૂ. ૧,૦૦,૦૦૦/- ના અનુદાનથી ભવન માટે જમીનની વ્યવસ્થા કરવામાં આવી. હવે

આવી પડેલી મુશ્કેલીઓ દૂર થતા સમાજભવન નું કામકાજ જલ્દી થાય તે બાબતે તેઓએ આશાવાદ વ્યક્ત કરી શુભેચ્છા પાઠવી.

શ્રી ચંદ્રકાંતભાઇ પંચોલીએ પ્રતિભાવ આપતા જણાવ્યું કે શ્રી સંજીવભાઇની માહિતીથી દ્વિધા અને શંકા દૂર થાય છે. જે સમયે જમીન નો ભાવ ૨૫૦-૩૦૦ રૂ/ચો.ફીટ હતો તેને બદલે સમાજને ૧૨૫ રૂ/ચો.ફીટના ભાવે જમીન આપી, ઉપરાંત એક લાખ રૂપિયાનું અનુદાન પણ કર્યું હતું જેની સરાહના કરી. શ્રી પંચોલી સમાજ અને પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ એક જ સિક્કાની બે બાજુ છે. દસ્તાવેજ કરવા માટે ટ્રસ્ટની જરૂર હોવાથી ટ્રસ્ટની રચના કરવામાં આવી. હવે સમાજે જમીન તરફથી બાંધકામ તરફ જવાની જરૂર છે. આ સમયે વિદેશ જતા લોકોનું સન્માન કરવું જે ભવિષ્યમાં સમાજ માટે પણ ઉપયોગી થાય. ટ્રસ્ટનો મુખ્ય ઉદ્દેશ ભવન બનાવવા ઉપરાંત અન્ય સામાજિક કાર્યો માટે પણ છે જે માટે ટ્રસ્ટ તરફથી સમાજની અન્ય પ્રવૃત્તિ માટે પણ ફંડ ફાળવવું જોઇએ.

શ્રી ધર્મેશભાઇ પંચોલી સહમંત્રીએ આભાર વિધિ દરમિયાન જણાવ્યું હતું કે તેઓ શ્રી સ્વયં યુવા કલબના પ્રમુખ છે અને તેમની યુવા ટીમ ટ્રસ્ટની સાથે જ છે. ભવનના બાંધકામના અનુદાન માટે જે પણ કાર્યવાહીની જરૂર હશે તે માટે યુવા ટીમ તૈયાર જ છે. સામાન્ય સભામાં હાજર રહેવા માટે આવેલ સૌ સભ્યોનો તેઓએ હૃદય પૂર્વક આભાર માન્યો. ઓરીઝોન રેસ્ટોરન્ટના મેનેજમેન્ટ નો સુંદર વ્યવસ્થા બદલ આભાર માન્યો.

સૌ સભ્યોને લંચમાં જોડાવા માટે આમંત્રણ આપી સામાન્ય સભાનું સમાપન કરવામાં આવ્યું.

હરીશ એમ. પંચોલી- મંત્રી
પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ, વડોદરા



## શ્રી પંચોલી સમાજ, બીલીમોરા

શ્રી પંચોલી સમાજ,બીલીમોરા આયોજીત વાર્ષિક સંમેલન પ્રોગ્રામ ૨૫/૧૨/૨૨ રવિવાર ના રોજ લીલાવતી હોલ,સોમનાથ મંદિર, બીલીમોરા ખાતે આયોજીત કર્યો હતો તેમાં નાનકડા બાળકો એ સરસ ડાન્સ અને ફેશન શૉ કર્યો, તેમજ યુવા પેઢી અને સીનીઅર સિટીઝન એ પણ ફેશન શૉ, સિંગિંગ કરીયું હતું ત્યારબાદ " આશ પચાસ કી" ગેમ અને સંગીત ખુરશી રમીયા હતા.ત્યાર બધા ભૂલકા ઓ ને ઇનામ વિતરણ કરીયું અને યુવા પેઢી અને સીનીઅર સિટીઝન ને પણ સ્પેશ્યલ પ્રાઈઝ આપ્યા હતા. અંત માં સૌ એ રાત્રી ભોજન નો આસ્વાદ લઈ છુટા પડીયા અને પ્રોગ્રામ ને અંત વિરામ આપીયો.



## હેપી એનીવર્સરી.......

ગણદેવી નિવાસી શ્રીમતિ વૈશાલીબેન અને શ્રી ચિંતુકુમાર ભગુભાઇ મિસ્ત્રી
તા. ૯.૨.૨૦૨૩ના રોજ ૨૫મી મેરેજ એનીવર્સરી
સમગ્ર પંચોલી સમાજ લગ્નજીવનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે....

પંચોલી નવયુગ શુભચિંતક શ્રી બીપીનભાઇ રામલાલ મપારા મુંબઇ શ્રી દેવેન્દ્રકુમાર મગનલાલ મિસ્ત્રી મુંબઇ

# મહિલા સમાચાર

## શક્તિ મહિલા મંડળ-ગણદેવી



શકિત મહિલા મંડળની બહેનોએ ઓકટોબર માસમાં ગાંધી જયંતિ, સરદાર પટેલ જયંતિ નિમિત્તે ગણદેવી આવેલ ગઝદર લાયબ્રેરીમાં મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. લાયબ્રેરીમાં આવેલ ગાંધીજી અને સરદાર પટેલની પ્રતિમાનુ બહેનો દ્વારા સૂતરની આંટીનો હાર પહેરાવી અને મીઠાઇ વહેંચવામાં આવી હતી. શ્રીમતિ વૈશાલીબેને ગાંધીજી વિષે અને જીગીષાબેને સરદાર પટેલ વિશે પોતાનું વ્યકતવ્ય રજુ કર્યુ હતું.

ઓકટોબર માસમાં દિપાવલી નિમિત્તે મંડળની સૌ બહેનોએ દિવાળીમાં પોતાના ઘરે સજાવટ કરી, લાઇટીંગ કરી, સુંદર રંગોળી અને દિવડાથી ઘરની સજાવટ કરી ઓનલાઇન જોડાઇ દિવાળીની ઉજવણી કરી એક બીજાને દિપાવલીની શુભેચ્છાઓ પાઠવી.


તા. ૪.૧૧.૨૦૨૨ને શુક્રવાના રોજ દેવઉઠી એકાદશી અને તુલસી વિવાહ નિમિત્તે મંડળની બહેનોએ પોતાના ઘરે તુલસીનો શણગાર કરી નૈવેદ્ય ધરાવી, રંગોળી પુરી તુલસી વિવાહની ઉજવણી કરી. ઓનલાઇન જોડાઇ પ્રોજેકટ પૂર્ણ કર્યો.

તા. ૨૫.૧૨.૨૦૨૨,રવિવાર રોજ એકસ્ટ્રા પ્રોજેકટ કરવામાં આવ્યો જેમા ગણદેવી એકમના પ્રમુખશ્રી ચિંતુભાઇને પણ આમંત્રીત કર્યા. સૌ પ્રથમ બધી બહેનો જીગીષાબેનને ત્યાં એકત્ર થયા. જીગીષાબેનની મેરેજ એનીવર્સરી નિમિત્તે એમને પુષ્પગુચ્છ આપી શુભેચ્છાઓ પાઠવી. જીગીષાબેને સૌને ગાજરનો મીલ્કશેક પીવડાવી સૌનું સ્વાગત કર્યુ.

ત્યારબાદ સૌ બહેનો ધનોરી સ્થિત આવેલ આશ્રમશાળામાં દરેક વિદ્યાર્થીઓ ને એકમ પ્રમુખ ચિંતુભાઇ અને વૈશાલી બેન તેમજ મંડળની બહેનોના વરદ હસ્તે નોટબુક, બોલપેન, પાઉચ અને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓને આર્શીવચનો કહ્યા. શાળાના આચાર્યશ્રી અને શિક્ષકોએ મહિલા મંડળનો આભાર માન્યો. જિગીષાબેન તરફથી પાઉચ અને જીજ્ઞાશાબેનના પુત્ર ચિ. દીપની વર્ષગાંઠ નિમિત્તે ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું. આ રીતે ક્રિસમસ ડેના દિવસે એકસ્ટ્રા પ્રોજેકટ સાથે ઉજવણી કરી.

તા. ૩૧.૧૨.૨૦૨૨ના રોજ મહિલા મંડળની બહેનોએ ડિસેમ્બર માસના પ્રોજેકટ અનુસાર એક દિવસની પીકનીક અને લીલવાની વાનગીઓ બનાવી અમલસાડ સ્થિત અંધકેશ્વર મહાદેવ મંદિરની મુલાકાત લીધી. મંદિરમાં દર્શન કરી બાજુમાં આવેલ પાર્કમાં અંતાક્ષરી અને પાસીંગ ધી પાસની રમત રમ્યા. સાથે લાવેલ લીલવાની વિવિધ વાનગીઓનો નાસ્તો કર્યો. કોલ્ડ ડ્રીકસ ને ન્યાય આપી પીકનીકનો આનંદ લૂટયો. બાળકોએ પણ ખૂબ આનંદ લૂટયો. આ રીતે ૩૧ ડિસેમ્બરની ઉજવણી કરી વર્ષ ૨૦૨૨ને ગુડબાય કર્યા...

## દેવના દિધેલ



વડોદરા નિવાસી શ્રીમતિ સપનાબેન અને હરનીશભાઇ પંચોલીની સુપુત્રી ચિ. શીખાને ત્યાં પુત્રરત્ન 'ગ્રીતિક'નો જન્મ તા. ૩૦.૧૧.૨૦૨૨ના રોજ થયો...
પિતાઃ અનુરાગ પંચોલી
માતા શીખા અનુરાગ પંચોલી

પંચોલી નવયુગ શુભચિંતક શ્રી ચંદ્રવદન હરગોવનદાસ મિસ્ત્રી મુંબઇ શ્રી ધનસુખભાઇ ભગવાનદાસ પંચોલી સુરત

# શ્રી પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર



તા. ૩૧.૧૨.૨૦૨૨ના રોજ અંકલેશ્વર મહિલા મંડળની મિટીંગ જવાહર બાગ ખાતે રાખવામાં આવી હતી. મિટીંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવ્યું. આ માસમાં આવતી સભ્યોની બર્થડે અને એનીવર્સરીની ગીફ્ટ આપી શુભેચ્છાઓ પાઠવી.

પ્રોજેક્ટ અનુસાર આજરોજ લીલવાની વાનગી ઘરેથી બનાવીને લાવવાની હતી. દરેક બહેનો ઉત્સાહભેર વિવિધ વાનગીઓ બનાવી લાવ્યા હતા.

નાતાલ નિમિત્તે બહેનો રેડ અને વ્હાઇટ વસ્ત્રો પહેરીને આવ્યા હતા. બહેનો ક્રિસમસ કાર્ડ બનાવીને પણ લાવ્યા હતા. ત્યારબાદ નાતાલની ઉજવણી કરવામાં આવી.

ત્યારબાદ ગાર્ડનમાં ઉભી-ખો, બોલ પાસીંગની રમતો રમ્યા. દરેક બહેનો ઉત્સાહભેર રમતો રમ્યા.

તુલસી પૂજન નિમિત્તે બહેનોએ તુલસી પૂજાની ઉજવણી કરી ઓન લાઇન ફોટાઓ મુકયા હતા.

ત્યારબાદ લીલવાની વિવિધ વાનગીઓ જે બહેનો લાવી હતી તે એકબીજા સાથે વહેંચીને સૌએ એનો આસ્વાદ માણ્યો હતો. નવા વર્ષની મિટીંગ જ્યોત્સનાબેન બાબુભાઇ પંચોલીના નિવાસ સ્થાને રાખવાનું નકકી કરી ફરી મળવાનું નકકી કરી છુટા પડયા.

તા. ૨૪.૧.૨૦૨૩ના રોજ અંકલેશ્વર મહિલા મંડળની મિટીંગ જ્યોત્સનાબેન બાબુભાઇ પંચોલીને ત્યાં રાખવામાં આવી. મિટીંગની શરૂઆત સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી. પ્રથમ ગત મિટિંગનો અહેવાલ વાચવામાં આવ્યો. આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરીની ગીફ્ટ આપી વીશ કરવામાં આવી.

૨૬ જાન્યુઆરી નિમિત્તે બધી બહેનોએ દેશભક્તિના ગીતો ગાયા અને મીરાબેન અને નીતાબેને ૨૬ જાન્યુઆરી વિશે બે શબ્દો કહ્યા. દક્ષાબેને નાના ભુલકાઓ ધ્યાન-જાનવી અને વિવાન સાથે નન્હા મુન્ના રાહી હું ગીતની સુંદર રજુઆત કરી. જવાહરબાગ ખાતે રાખવામાં આવેલ લીલવાની વાનગીમાં ભાગ લેનાર બહેનોને મીરાબેન તરફથી ગીફ્ટ આપવામાં આવી. જ્યોત્સનાબેન તરફથી ફ્રુટસેલાડ અને સમોસાનો અલ્પાહાર કરાવ્યો. અંતમાં રાષ્ટ્રગીત ગાઇને સૌ છુટા પડયા.

આજરોજ નીચે મુજબનું દાન મળ્યું.
૧૦૦ જાગૃતિબેન ગોપાલભાઇ પંચોલી દેવની બર્થડે નિમિત્તે
૧૦૦ હંસાબેન પંચોલી તરફથી બર્થડે નિમિત્તે
૨૦૦ ખુશ્બુબેન વિસ્મયભાઇ મિસ્ત્રી-એનીવર્સરી
૧૦૦ નીપા મૌલિકભાઇ મિસ્ત્રી-એનીવર્સરી
૧૦૦ બિનીતાબેન પંચોલી-એનીવર્સરી

## પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

પ્રગતિ મહિલા મંડળ વ્યારાની મિટિંગ તા. ૨.૧૦.૨૦૨૨ના રોજ પંચોલી વાડી ખાતે રાખવામાં આવી હતી. નીશાબેનની પ્રાર્થના બાદ ભૂમિકાબેને સૌ બહેનોનું સ્વાગત કર્યુ. સમાજના સ્વ. રમેશભાઇ પંચોલીને બે મિનિટ મૌન પાડી શ્રધ્ધાંજલી આપવામાં આવી.

આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરી વિશ કરી. ૨જી ઓકટોબર ગાંધી જયંતિ અને સરદાર પટેલ જયંતિની ઉજવણી કરી બહેનોએ ગાંધીજી અને સરદાર પટેલના વિશે તેમનું વકતવ્ય રજુ કર્યુ. સરપ્રાઇઝ ગેમ રંજનાબેને રમાડી, જેના વિજેતા કિરણબેન પંચોલી થયા.

નવરાત્રી નિમિત્તે ગરબાની કોમ્પીટીશન રાખવામાં આવી. કોમ્પીટીશનના નિર્ણાયક તરીકે મીનુબેન શાહે સેવા

આપી. એમનો પરિચય હેતલબેને આપ્યો. માતાજીની આરતી કરી ગરબાની કોમ્પીટીશન શરૂ કરવામાં આવી. બે વિભાગામાં રાખવામાં આવી હતા. ૧૮ થી ૪૦ વર્ષ અને ૪૦ થી ઉપરના. નિર્ણાયકશ્રીએ જજ કરી વેલ ડ્રેસ અને વેલ એકશનના વિજેતા જાહેર કર્યા.

૧૮ થી ૪૦ વર્ષ વિભાગમાં વેલ ડ્રેસમાં પ્રથમ સ્વાતિ પંચોલી અને દ્વિતીય મનાલી મિસ્ત્રી

વેલ એકશનમાં પ્રથમ અમી પંચોલી અને દ્વિતીય કૃતિ પંચોલી

૪૦ વર્ષ થી ઉપરના વિભાગમાં વેલ ડ્રેસમાં પ્રથમ ભાવના પંચોલી અને દ્વિતીય પારૂલ ગાંધી

વેલ એકશનમાં પ્રથમ યોગિતા પંચોલી અને દ્વિતીય નિશા પંચોલી વિજેતા થયા. વિજેતાઓના નામો જાહેર કર્યા બાદ નિર્ણાયકશ્રીને સ્મૃતિ ભેટ આપી આભાર વ્યકત કર્યો. ધ્યાનીની બર્થડે નિમિત્તે રૂા. ૧૦૧/- ભેટ મળ્યા. અંતમાં અલ્પાહારને ન્યાય આપી સૌ છુટા પડયા.

પ્રગતિ મહિલા મંડળ વ્યારાની મિટિંગ તા. ૬.૧૧.૨૦૨૨ના રોજ પંચોલી વાડી ખાતે રાખવામાં આવી હતી. અંજલીબેનની પ્રાર્થના બાદ સૌ બહેનોને દિપાવલીની શુભકામનાઓ પાઠવવામાં આવી.

મોરબી ઝુલતા પુલ હોનારતમાં અવસાન પામનારાઓના આત્માની શાંતિ અર્થે મૌન પાડી શ્રદ્ધાંજલી આપવામાં આવી. આ માસમાં આવતી બર્થડે-એનીવર્સરી વિશ કરવામાં આવી. સોનલબેને સરપ્રાઇઝ ગેમ રમાડી જેમાં ભાવનાબેન પંચોલી વિજેતા થયા.

૧૪ નવેમ્બર નહેરૂ જયંતિ નિમિત્તે બહેનોને કવીઝ રમાડવામાં આવી. મહિલા સંગઠનના પ્રોજેકટ અનુસાર શીઘ્રવર્તન રાખવામાં આવ્યું. તેમજ તુલસી વિવાહનો પ્રોજેકટ પણ કર્યો જેમાં સુરતી બજાર સ્થિત હવેલીમાં તુલસી વિવાહમાં બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો.

ઓનલાઇન દિવાળીમાં ઘર સજાવટ, દીવા અને રંગોળીનો પ્રોજેકટ સૌ બહેનોએ ફોટા મુકી કર્યો હતી. અંતમાં બ્રેડ પકોડાને ન્યાય આપી છેટા પડયા.

એકસ્ટ્રા પોજેકટ : ચંદની પડવા નિમિત્તે ઘારીનું વેચાણ પ્રગતિ મહિલા મંડળે કર્યુ. જે પ્રસંશનીય કાર્ય નિમિત્તે સમાજ તરફથી રૂા. ૧૦૦૦/- મહિલા મંડળને આપ્યા. મહિલા મંડળ સમાજનો અંતઃકરણપૂર્વક આભાર માને છે.

પ્રગતિ મહિલા મંડળ વ્યારાની મિટિંગ તા. ૧૮.૧૨ .૨૦૨૨ના રોજ પંચોલી વાડી ખાતે રાખવામાં આવી હતી. પદમાબેનની પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. વ્યારાના જયંતિભાઇ પંચોલીનું અવસાન થતા એમને શ્રદ્ધાંજલી આપવામાં આવી. આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરી વિશ કરવામાં આવી. આજની સરપ્રાઇઝ ગેમના વિજેતા વર્ષાબેન મિસ્ત્રી થયા.

પ્રોજેકટ અનુસાર લીલવાની વાનગી બનાવવાની સ્પર્ધા રાખવામાં આવી હતી. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે રૂપલબેન કાચવાલાએ સેવા આપી. તેમનો પરિચય રંજનાબેને આપ્યો. નિર્ણાયકશ્રીએ સ્પર્ધાના વિજેતાઓના નામ જાહેર કર્યા. જેમાં પ્રથમ મનિષાબેન નિતેષભાઇ પંચોલી, દ્વિતીય કૃતિબેન કૃણાલભાઇ પંચોલી અને સ્વાતિબેન આકાશભાઇ પંચોલી અને તૃતીય ક્રમે નિશાબેન રાજુભાઇ પંચોલી અને કુસુમબેન એસ. પંચોલી.

ભાગ લેનાર બેહેનો તથા વિજેતા બહેનોનો આભાર વ્યકત કર્યો. નિર્ણાયકશ્રીને સ્મૃતિભેટ આપી સન્માનિત કર્યા. આ એકસ્ટ્રા પ્રોજેકટ કરવામાં આવ્યો. પ્રિયંકાબેન પંચોલીની સુપુત્રી નંદનીની બર્થડે નિમિત્તે કેક ખવડાવવામાં આવી. અને હેતલબેન, સોનલબેન અને ભાવનાબેનની એનીવર્સરી નિમિત્તે મંચુરીયન રાઇસનો નાસ્તો કરાવ્યો.

| એનીવર્સરી નિમિત્તે | બર્થડે નિમિત્તે.. |
|---|---|
| ૧૦૧ /- વર્ષાબેન મિસ્ત્રી | ૫૧/- ભાનુબેન પંચોલી |
| ૧૫૧/- આનંદીબેન પંચોલી | ૧૨૧/- જયોત્સનાબેન |
| ૧૦૧/ સોનલબેન પંચોલી | ૧૦૧/- હેતલબેન પંચોલી |
| ૫૧ /- આશાબેન પંચોલી | ૨૦૧/- કાંતાબેન પંચોલી |
| ૧૦૧/- નયનાબેન પંચોલી | |

૫૦૦૧/- હસમુખભાઇ કે. પંચોલીના સ્મરણાર્થે ગં.સ્વ. પદમાબેન એમ. પંચોલી તરફથી મળ્યા. દાતાશ્રીનો આભાર

પ્રગતિ મહિલા મંડળ-વ્યારાની મિટિંગ તા. ૨૨.૧.૨૦૨૨ના રોજ પંચોલી વાડીમાં રાખવામાં આવી. મિટિંગની શરૂઆત યોગિતાબેનની પ્રાર્થનાથી કરવામાં આવી.

વ્યારા એકમના માજીપ્રમુખ અને મહામંડળના પ્રમુખ હિતેશભાઇ ગાંધી અને હર્ષદભાઇ પંચોલીને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી. આ માસમાં

આવતી બર્થડે અને એનીવર્સરી વિશ કરવામાં આવી. સોનલબેને સરપ્રાઇઝ ગેમ રમાડી જેના વિજેતા જયશ્રીબેન બન્યા.

૧૪મી જાન્યુઆરી હોવાથી બહેનોએ હલ્દી-કંકુ કરવામાં આવ્યું. બહેનોને તલના લાડુ, બોર અને ચોકલેટ આપવામાં આવ્યા હતાં.

પ્રોજેક્ટ અનુસાર પતંગ ડેકોરેશન સ્પર્ધા રાખવામાં આવી હતી. તેના નિર્ણાયક તરીકે કવિતાબેન પી. શાહે સેવા આપી હતી. નિર્ણાયકશ્રીનો પરીચય હેતલબેને આપ્યો. નિર્ણાયકશ્રીએ વિજેતાઓના નામ જાહેર કર્યા. જેમાં પ્રથમ કૃતી કૃણાલ પંચોલી, દ્વિતીય ભાવના ભવનીશ પંચોલી અને પદમાબેન એચ. પંચોલી, તૃતીય અરૂણાબેન સી. પંચોલી અને શીતલબેન એમ. ગાંધી. વિજેતા બહેનોને અભિનંદન અને ભાગ લેનારને પણ અભિનંદન પાઠવ્યા.

૨૬ જાન્યુઆરી નિમિત્તે બહેનોએ દેશભકિત ગીત ગાયા, એકસ્ટ્રા પ્રોજેકટ કરવામાં આવ્યો હતો. નિર્ણાયકશ્રીને સ્મૃતિ ભેટ આપી સન્માનિત કર્યા.

આ માસમાં ચંદ્રકલાબેનની બર્થડે અને એનીવર્સરી હોવાથી બહેનોને ચોકલેટ વહેચવામાં આવી. આજે નીચે મુજબ દાન મળ્યુ.

૨૦૧ હેતલબેન ડી. પંચોલી બર્થડે

૧૦૨ ચંદ્રકલાબેન પંચોલી બથસ્ડે અને એનીવર્સરી

૫૧ કિરણ ધર્મેશ પંચોલી તરફથી પુત્ર યશની બર્થડે નિમિત્તે

૧૦૦ હિના ચેતન પંચોલી બર્થડે-એનીવર્સરી

૫૧ ઇન્દિરાબેન ગાંધી - બર્થડે

૨૦૧ ગીતાબેન કિર્તીભાઇ પંચોલી-પૌત્રીના જન્મ નિમિત્તે

૨૦૧ ગીતાબેન કિર્તીભાઇ તરફથી પુત્ર હર્ષના વિદેશ ગમન નિમિત્તે.

અંતમાં ગરમાગરમ ખીચુનો નાસ્તો કરી છુટા પડયા.

## શ્રી પંચોલી મહિલા મંડળ-સુરત







શ્રી પંચોલી મહિલા મંડળ સુરતની મિટિંગ તા. ૯.૧૦.૨૦૨૨ના રોજ ભારતીબેન હેમંતભાઇ મિસ્ત્રી-અઠવા લાઇન્સ મુકામે રાખવામાં આવી હતી. મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી.

આ માસમાં આવતી નવરાત્રી અને ગાંધી જયંતિ નિમિત્તે રાખવામાં આવી હતી. ગાંધી જયંતિ નિમિત્તે બહેનોએ પોતાના મંતવ્યો રજુ કર્યા. નવરાત્રી હોવાથી બહેનો માટલી અને આરતી શણગાર કરીને લાવ્યા હતા. જયોત્સનાબેન પંચોલી અને મયુરીબેને ગાંધીજી વિષે વ્યકતવ્ય રજુ કર્યુ હતું. ત્યારબાદ બહેનોએ ગરબાની રમઝટ બોલાવી હતી. ત્યાંજ સમાજના યુવાન હેતલબેન કેતનભાઇ ગજજરના અવસાનના સમાચાર આવતા કાર્યક્રમ બંધ કરી એમના આત્માને શાંતિ અર્થે બે મિનિટ મૌન પાળી ભારતીબેન હેમંતભાઇ મિસ્ત્રી તરફથી અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો.

આજે નીચે મુજબ દાન મળ્યું.

૫૦૫ કવિતાબેન ચેતનભાઇ પંચોલી તરફથી હર્ષિલ અને કૃપાની જોબ, ઝરણા કેનેડા ભણવા માટે, યુવરાજની બર્થડે અને નવરાત્રી નિમિત્તે

૧૦૦ દિપ્તીબેન વિરેનભાઇ પંચોલી

૨૦૦ અંજનાબેન અમીષભાઇ લાકડાવાલા તરફથી દેવાંશની બર્થડે નિમિત્તે

૧૦૧ છાયાબેન કૌશિકભાઇ પંચોલી

૧૦૦ નિશા આર મિસ્ત્રી-પ્રિતી મિસ્ત્રી

૧૦૦ અલૌકીબેન સંજયભાઇ જરીવાલા
૧૦૦ શીતલ એમ. પચ્ચીગર
૧૦૦ મનિષાબેન ડી. પંચોલી
૧૦૦ સંગીતાબેન આઇ. પંચોલી
૧૦૦ ઉત્પ્રેક્ષાબેન વી. મિસ્ત્રી
૧૦૦ તેજલબેન દિપકભાઇ ગાંધી
૧૦૦ ભારતીબેન એ. મિસ્ત્રી
૧૦૦ જયશ્રીબેન જે. મિસ્ત્રી
૧૦૦ કુસુમબેન જે. મિસ્ત્રી
૪૫૦૦ ભારતીબેન હેમંતભાઇ મિસ્ત્રી તરફથી પાંવભાજી જમણવારના....

શ્રી પંચોલી મહિલા મંડળ સુરતની મિટિંગ તા. ૨૩.૧૨.૨૦૨૨ના રોજ ક્ષિતિજ રેસ્ટોરન્ટ મુકામે રાખવામાં આવી હતી. મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. મંડળની ઘણી બહેનોએ અમદાવાદ ખાતે યોજાયેલ પ્રમુખસ્વામી શતાબ્દિ મહોત્સવ નગરની મુલાકાત લીધી હતી જેનો અનુભવ અને વર્ણન કર્યુ હતું.

પ્રોજેક્ટ અનુસાર બહેનોએ લીલવાની વિવિધ વાનગીઓ રજૂ કરી હતી. આજરોજ ફેશન શોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બધી બહેનોએ ડાન્સ સાથે કેટવોક કર્યુ હતું. ફેશન શોના નિર્ણાયક તરીકે ત્રિવેણીબેન પંચોલી, જ્યોત્સનાબેન અને અને ડિમ્પલબેન પંચોલીએ સેવા આપી હતી. ફેશન શોના વિજેતા પ્રથમ અંજના લાકડાવાલા, દ્વિતીય કવિતા પંચોલી અને તૃતીય ગીતાબેન મારફતીયા વિજેતા થયા હતા. ત્યારબાદ મયુરીબેન મિસ્ત્રીએ હનુમાનજી લંકાદહન નું એકપાત્રીય અભિનય સુંદર રીતે ભજવ્યુ હતું. અંતમાં પંજાબી ડીશને ન્યાય આપી સૌ છુટા પડયા. આજે નીચે મુજબ દાન મળ્યું.

૧૦,૦૦૦ ગીતાબેન મારફતીયા
૧૦૦ મનિષાબેન પંચોલી-સગરામપરા
૧૦૧ તેજલબેન કલ્પેશભાઇ આરીવાલા
૧૦૦ નિશાબેન આર. મિસ્ત્રી અને પ્રિતીબેન મિસ્ત્રી
૨૦૦ સોનલબેન સંજયભાઇ મિસ્ત્રી તરફથી જયંતિભાઇ ગોવિંદદાસ મિસ્ત્રીની પ્રણ્યતિથિ નિમિત્તે.
૫૦૦ સંગીતાબેન આઇ પંચોલી-પુત્રીની મેરેજ એનીવર્સરી
૨૦૦ અરૂણાબેન ગજ્જર
૨૦૧ મનિષા આઇ. પંચોલી
૨૦૧ રક્ષાબેન જરીવાલા-અક્ષરા-મિહિરની બર્થડે નિમિત્તે.

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા



તેજસ્વીની મહિલા મંડળની ઓકટોબરમાસની મિટિંગ તા. ૭.૧૦.૨૦૨૨ના રોજ શ્રીમતિ નીતાબેન એસ. પંચોલી તરફથી માય રેસીપી હોટેલમાં બપોરે ૧૨.૦૦ કલાકે રાખવામાં આવી હતી. કારોબારીની બધી બહેનો હાજર રહી હતી. નીતાબેને સૌ બહેનોનું વેલકમ કર્યુ.

મિટિંગની શરૂઆત ગણપતિ વંદનાથી કરવામાં આવી. ગાંધી જયંતિ નિમિત્તે બહેનોએ ગાંધીજીનું પ્રિય ભજન 'વૈષ્ણવજન તો તેને કહીએ..' સમૂહમાં ગાયુ હતું. પ્રોજેક્ટ અનુસાર ગાંધી જયંતિ ને સરદાર પટેલ જયંતિ નિમિત્તે વ્યકતવ્ય રજૂ કરવાનું હતું તે રજૂ કરી યાદ કર્યા. સરદાર વલ્લભભાઇ વિશે પણ તેમના વિચારો રજૂ કર્યા 'સરતાજ છે ગુજરાતના, સરદાર છે હિન્દના''વીર વલ્લભ તને વિનવું, શિરે નમુ સરદાર' આમ સરદાર અને ગાંધીજીની ગાથા ગાઇ તેમની જન્મ જયંતિએ કોટી કોટી વંદન.

શીલાબેન તરફથી એક રમુજી ગેમ રમાડવામાં આવી. હાઉસી પણ રમ્યા. સરદાર વલ્લભભાઇ અને ગાંધીજીના વ્યકતવ્યની કોમ્પીટીશનમાં પ્રથમ વિજેતા જ્યોત્સનાબેન અને દ્વિતીય વિજેતા આનંદીબેન થયા. વન મિનિટ ગેમમાં પ્રથમ પ્રિતીબેન મપારા અને દ્વિતીય ભૂરીબેન વિજેતા થયા હતા. વિજેતા બહેનોને અભિનંદન પાઠવ્યા.

માય રેસીપી હોટલમાં સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ માણ્યો. આજના સુંદર ભોજન જમાડવા બદલ નીતાબેન

તેમજ તેમના પરિવારજનોનો આભાર વ્યકત કર્યો. આગામી મિટિંગ પ્રિતીબેન જય પંચોલીને ત્યાં રાખવાનું નકકી કરી છુટા પડયા.

તેજસ્વીની મહિલા મંડળની નવેમ્બર માસની મિટિંગ તા. ૨૨.૧૧.૨૦૨૨ના રોજ બપોરે ૩.૩૦ કલાકે પ્રિતીબેન જય પંચોલીના નિવાસ સ્થાને રાખી. પ્રિતીબેને જામફળના જ્યૂસથી સૌ બહેનોનું સ્વાગત કર્યુ.

મિટિંગની શરૂઆત ગણેશ વંદના તેમજ પ્રાર્થનાથી કરવામાં આવી. સમાજમાં દિવંગત પામેલ આત્માઓની શાંતિ અર્થે મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી.

નવેમ્બર માસના પ્રોજેકટ અનુસાર શિઘ્રવર્તન અથવા એકપાત્રિય અભિનય કોમ્પીટીશન રાખવામાં આવી. સૌ બહેનોએ વિવિધ કેરેકટર ભજવી ઉત્સાહભેર ભાગ લીધો. પ્રિતીબેને વનમિનિટ ગેમ રમાડી. અને હાઉસી પણ રમ્યા.

એકપાત્રીય અભિનયમાં પ્રથમ જયોત્સનાબેન અને દ્વિતીય જયોતિબેન એમ. તેમજ વનમિનિટ ગેમમાં પ્રથમ ભૂરીબેન અને દ્વિતીય સુરેખાબેન વિજેતા થયા. પ્રિતીબેન તરફથી વિજેતા બહેનોની ઈનામ આપી અભિનંદન પાઠવ્યા.

પ્રિતીબેન તરફથી સ્વાદિષ્ટ ભોજન કરાવવા બદલ પ્રિતીબેન તેમજ પરિવારજનોનો સુંદર આયોજન બદલ આભાર વ્યકત કર્યો. શિલાબેને આભાર દર્શન કરી આગામી મિટિંગ નિતાબેન ને ત્યાં રાખવાનું નકકી કરી છુટા પડયા.

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનો નવો એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ' ના નામે બૅંક ઑફ બરોડા-વ્યારા શાખા,

**A/c. No. : 02690100010065,**
**IFSC Code : BARB0YYARAX**
(પાંચમો અંક ઝીરો છે)

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો..

પ્રમુખશ્રી હિતેશભાઇ પી. ગાંધી-વ્યારા

## શ્રી પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ** A/C **પંચોલી નવયુગ** ના નામે બૅંક ઑફ બરોડા-અંકલેશ્વર ના સેવિંગ્સ ખાતા ન

**02210100057495, IFSC : BARB0ANKLES**

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો.

તંત્રી : દિનેશભાઈ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

(**IFSC CODE** માં પાંચમો ડીજીટ ઝીરો છે..)

## શ્રી પંચોલી સમાજ-રાજપીપલા

શિનોર નિવાસી ગં.સ્વ. કપિલાબેન બળદેવદાસ પંચોલીના સ્મરણાર્થે રૂા. ૫૦૧/- શ્રી પંકજભાઇ બસદેવભાઇ પંચોલી તથા રાકેશભાઇ(રાજુ) બળદેવભાઇ પંચોલી તરફથી પંચોલી સમાજ રાજપીપલાને ભેટ મળ્યા.




# એક વાર જાવુ હરીના ધામમાં



વ્યારા નિવાસી તથા શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખ શ્રી હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધી તા. ૨૬.૧૨.૨૦૨૨ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૫૮

રાજપીપલા નિવાસી શ્રી મુકેશભાઇ કંચનભાઇ પંચોલી તા. ૨૯.૧૨.૨૦૨૨ના રોજ હરીના ધામમાં ગયા.






રાજપીપલા નિવાસી શ્રી જગદીશભાઇ લલ્લુભાઇ (ગોવિંદભાઇ) પંચોલી તા. ૩.૧.૨૦૨૩ના રોજ હરીના ધામમાં ગયા.

સુરત નિવાસી ચંદ્રિકાબેન વ્રજલાલભાઇ પચ્ચીગર તા. ૧૯.૧.૨૦૨૩ના રોજ હરીના ધામમાં ગયા.





સુરત નિવાસી શ્રી બાલકૃષ્ણ નટવરલાલ મારફતિયા તા. ૨૭.૧.૨૦૨૩ના રોજ હરીના ધામમાં ગયા.

વડોદરા નિવાસી ગં.સ્વ. લીલાબેન કંચનભાઇ પંચોલી તા. ૨૯.૧.૨૦૨૩ના રોજ હરીના ધામમાં ગયા.



સુરત(પાંડેસરા) નિવાસી શ્રી ક્રિષ્નારામ નગીનદાસ પંચોલી તા. ૨૬.૧૨.૨૦૨૨ના રોજ હરીના ધામમાં ગયા.





રાજપીપલા હાલ વ્યારા નિવાસી શ્રી હર્ષદલાલ ધીરજલાલ પંચોલી તા. ૨.૧.૨૦૨૩ના રોજ હરીના ધામમાં ગયા.

સિનોર નિવાસી કપીલાબેન બળદેવદાસ પંચોલી તા. ૭.૧.૨૦૨૩ના રોજ હરીના ધામમાં ગયા.






સુરત નિવાસી ગં.સ્વ. વર્ષાબેન અરૂણકુમાર ગાંધી તા. ૨૭.૧. ૨૦૨૩ ના રોજ હરીના ધામમાં ગયા.

ગણદેવી હાલ સુરત નિવાસી ભરતભાઇ ખંડુભાઇ મિસ્ત્રી તા. ૨૮.૧.૨૦૨૩ના રોજ હરીના ધામમાં ગયા.





કવાંટ નિવાસી શ્રી કૃષ્ણકાંત ગોરધનદાસ પંચોલી તા. ૧૩.૧૨. ૨૦૨૨ ના રોજ હરીના ધામમાં ગયા.

# એક વાર જાવુ હરીના ધામમાં



વડોદરા નિવાસી ગં.સ્વ. જયશ્રીબેન છોટાલાલ પંચોલી તા. ૫.૧૧.૨૦૨૨ના રોજ હરીના ધામમાં ગયા.

નવસારી નિવાસી (હાલ સુરત) ગં.સ્વ. ભાનુબેન કિશોરભાઇ ઘડિયાળી તા. ૯.૨.૨૦૨૩ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૭૮





રાજપીપલા નિવાસી લલીતાબેન ચેતનલાલ પંચોલી તા. ૧૫.૨.૨૦૨૩ના રોજ હરીના ધામમાં ગયા.

અંકલેશ્વર(રાજપીપલા) નિવાસી ગોપાલભાઇ મહેન્દ્રભાઇ પંચોલી તા. ૧૭.૨.૨૦૨૩ના રોજ હરીના ધામમાં ગયા.






મુબંઇ(વસઇ) નિવાસી શ્રી દિપકભાઇ ચુનીલાલ મંછારામ પંચોલી તા. ૨૭.૨.૨૦૨૩ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૭૨

સુરત નિવાસી નવિનચંદ્ર ચંપકલાલ રૂવાળા તા. ૬.૩.૨૦૨૩ના રોજ હરીના ધામમાં ગયા.



મુંબઇ(હાલ સુરત) નિવાસી શ્રી હરીશભાઇ છગનલાલ પંચોલી તા. ૭.૨.૨૦૨૩ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૯૦





બીલીમોરા નિવાસી ગં.સ્વ. દમયંતીબેન શશીકાંતભાઇ પંચોલી તા. ૧૫.૨.૨૦૨૩ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૮૨

વ્યારા નિવાસી કૈલાસબેન હસમુખલાલ પંચોલી તા. ૧૬.૨.૨૦૨૩ના રોજ હરીના ધામમાં ગયા.





સુરત નિવાસી ચંદ્રિકાબેન નવિનચંદ્ર પંચોલી ૨૪.૨.૨૦૨૩ના રોજ હરીના ધામમાં ગયા.

મુંબઇ-દહિસર નિવાસી શ્રી નિલેશભાઇ ગણપતભાઇ મિસ્ત્રી તા. ૪.૪.૨૦૨૩ના રોજ હરીના ધામ માં ગયા ઉ.વ. : ૫૬



રાજપીપલા નિવાસી જેઠીબેન ગોરધનભાઇ પંચોલી તા. ૧૭.૨.૨૦૨૩ના રોજ હરીના ધામમાં ગયા.

રાજપીપલા નિવાસી શાંતિલાલ જયકિશનદાસ પંચોલી ૨.૪.૨૦૨૩ના રોજ હરીના ધામમાં ગયા.

## નવયુગ શુભેચ્છક

## ૧૭મી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી



**સ્વ. રમાબેન બાલુભાઈ પંચોલી - લેસ્ટર યુ.કે.**
**જન્મ : ૨૬.૩.૧૯૫૧ અવસાન ૧૨.૩.૨૦૦૬**

તમારો ધાર્મિક વૃત્તિવાળો માયાળુ સ્વભાવ, કૌટુંબીક ભાવના, પ્રેમ અને તમારા આદર્શ ગુણો અમે જીવનમાં ભુલી શકીશુ નહીં. તારી હિંમત અને સહનશીલતા વાળુ જીવન અમારા જીવન માટે એક સંદેશ છે.
તમારા જેવા ફુલો ખરે છે અને એની સુવાસ મુકી જાય છે.
તમે જ્યાં હો ત્યાં તમારા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના......

### અર્પણકર્તા

*શ્રી બાલુભાઈ ઝીણાભાઈ પંચોલી*
*શ્રી શૈલેષ બાલુભાઈ પંચોલી*
*શ્રીમતિ મનિષા શૈલેષ પંચોલી*

*આયવંત ડી'કોષ્ટા પ્રીતિ ડી'કોષ્ટા*
*ચિ. મેઈસી*

15 Locke Avenue, Leicester, LE4 - 7RZ (U.K.)
Tel : 0116 - 2681475

## નવયુગ શુભેચ્છક

## હાર્દિક શ્રદ્ધાંજલી



**સ્વ. પુષ્પાબેન અમૃતલાલ મિસ્ત્રી**
**જન્મ : ૦૬.૧૨.૧૯૪૭ સ્વર્ગવાસ : ૧૮.૦૨.૨૦૧૬**
**સ્વ. અમૃતલાલ ઈચ્છારામ મિસ્ત્રી**
**જન્મ : ૦૩.૦૯.૧૯૩૯ સ્વર્ગવાસ : ૨૨.૦૯.૨૦૧૯**

આપના માયાળુ મિલનસાર સ્વભાવ, કૌટુંબિક ભાવના અને ધાર્મિકવૃત્તિ, આપની કામ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા અને તનતોડ મહેનત કરવાના આદર્શ ગુણો વિસરી શકાય એમ નથી. પરમ કૃપાળુ પરમાત્મા આપની આત્માને પરમ શાંતિ આપે એવી પ્રભુ પ્રાર્થના સહ શ્રદ્ધાંજલિ.

### અર્પણકર્તા

**શ્રી નૈનેશ અમૃતલાલ મિસ્ત્રી**
**શ્રીમતિ પરેશા નૈનેશ મિસ્ત્રી**
**ચિ.ઉદય ચિ. જીત**
**ચિ. ભાવિકા ચિ. યશ**

૭/૬૮, ન્યુ પિરામલ નગર સોસાયટી,
પિરામલ નગર, એસ.વી.રોડ, ગોરેગાંવ (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦૧૦૪
મોબાઈલ : ૯૭૬૮૦૨૯૨૬૩ / ૯૮૧૯૩૬૯૩૨૩

## ટીપે ટીપે સરોવર ભરાય..........

રૂા. ૫૨૫/- વડોદરા નિવાસી નટવરલાલ મગનભાઇ પંચોલી તરફથી દિપોત્સવી ભેટ.

રૂા. ૫૦૧/- સુરત નિવાસી શ્રીમતિ ઈન્દુબેન તથા રાજેન્દ્રભાઇ જે મિસ્ત્રી તરફથી પૌત્રી ચિ. નંદિની ચેતનભાઇ મિસ્ત્રીના શુભ લગ્ન નિમિત્તે.

રૂા. ૫૦૧/- ગણદેવી નિવાસી શ્રીમતિ વૈશાલીબેન અને શ્રી ચિંતુકુમાર ભગુભાઇ મિસ્ત્રીની ૨૫મી મેરેજ એનીવર્સરી નિમિત્તે.

## રક્તદાન-જીવતદાન



ભરૂચ નિવાસી શ્રી મનિષભાઇ પંચોલીએ નાની ઉંમરમાં લોહી ના મળવાને કારણે માતાની છત્રછાયા ગુમાવી હતી. માતાને બ્લડ કેન્સરની બિમારી ને લઇને મુશ્કેલીથી મળતુ "O" નેગેટીવ ગ્રુપનું લોહી જ્યારે જાહેરાત કરી હતી ત્યારે ત્રણ દિવસ બાદ લોહી મળ્યુ હતું. પરંતુ માતાને ન બચાવી શકયા અને તેમનું અવસાન થયું. અને રક્તદાન કેટલું મહત્વનું છે તે સમજ્યા હતા.

અન્ય કોઇ વ્યકિત લોહી ન મળવાને કારણે મુશ્કેલીમાં ન મુકાય તે માટે સામાજિક ઋણ અદા કરવાનું નકકી કર્યું. અને ૨૦ વર્ષમાં ૫૦ થી વધુવાર રક્તદાન કર્યુ. મનિષભાઇ પંચોલીએ જણાવ્યું કે મારા એકલાના રક્તદાનથી જ બધાનો પ્રશ્ન હલ નહી થાય પરંતુ લોકો રક્તદાન મો જાગૃત થાય અને તેઓ પણ પોતાની ફરજ સમજીને રક્તદાન કરે તો આપણે સમાજનું ઋણ અદા કરી શકીશું. ખૂબ ખૂબ અભિનંદન...

## યુવાનીમાં રક્તદાન-મૃત્યુ બાદ ચક્ષુદાન

પંચોલી નવયુગ શુભચિંતક

| | | | |
|---|---|---|---|
| શ્રી સંજીવ પંચોલી | વડોદરા | શ્રી રમેશચંદ્ર નાથાલાલ પંચોલી | વડોદરા |
| શ્રી સાકરલાલ ઈશ્વરલાલ પંચોલી | વડોદરા | શ્રી નવિનભાઈ ચીમનલાલ પંચોલી | વડોદરા |

Book-Post
**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, Malay-98240 64282. Email : pancholinavyug@gmail.com**